અપીલ અરજી નં.૧૪૭ તા.૩૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અબ્દુલવદુદ જારૂલ્લાહ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલવદુદ જારૂલ્લાહ ની તા.૨૦–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ૧૧/૨૪૫૦ તુર્કીવાડ સુરત ખાતે આવેલી મિલકતમાં હાલ નવું બાંધકામ શરૂ થયું છે તેના પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ. મુદ્દા નં. (૨) સદર મિલકત ટ્રસ્ટની મિલકત હોઈ કાયદાનુસાર સંબંધિત ટ્રસ્ટ કચેરી ખાતેથી બાંધકામની પરવાનગી મેળવી છે ? અને તેની કોપી. વિ. (૩) સદર મિલ્કતના વેરાબીલમાં કબ્જેદાર છે કે કેમ? (૪) તેઓએ એનઓસી મેળવેલ છે કે કેમ? મુદ્દા નં. (૧)થી (૪) ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૭/૨૦૧૧–૧૨

શ્રી અબ્દુલવદુદ જારૂલ્લાહ ની તા.૨૦–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ૧૧/૨૪૫૦ તુર્કીવાડ સુરત ખાતે આવેલી મિલકતમાં હાલ નવું બાંધકામ શરૂ થયું છે તેના પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ.મુદ્દા નં. (૨) સદર મિલકત ટ્રસ્ટની મિલકત હોઈ કાયદાનુસાર સંબંધિત ટ્રસ્ટ કચેરી ખાતેથી બાંધકામની પરવાનગી મેળવી છે ? અને તેની કોપી. વિ. (૩) સદર મિલ્કતના વેરાબીલમાં કબ્જેદાર છે કે કેમ? (૪) તેઓએ એનઓસી મેળવેલ છે કે કેમ? વિગેરે મુદ્દા નં. (૧)થી (૪) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૫ તા.૬–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૫૯૧ તા.૨૦–૭–૧૧ ના પૂરક પત્રથી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૯ તા.૨૮–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ નહીં મળવાથી નારાજ થઈ તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૯ તા.૨૮–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ વિના મૂલ્યે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જેમાં અરજદારના મુદ્દા નં. (૧) ૧૧/૨૪૫૦ તુર્કીવાડ સુરત ખાતે આવેલી મિલ્કતમાં હાલ નવું બાંધકામ શરૂ થયું છે તેના પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૧૧/૨૪૫૦ ના મિલ્કતના મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૨) સદર મિલકત ટ્રસ્ટની મિલકત હોઈ કાયદાનુસાર સંબંધિત ટ્રસ્ટ કચેરી ખાતેથી બાંધકામની પરવાનગી મેળવી છે ? અને તેની કોપી. વિ.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે સદર મિલ્કતમાં વકફ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ મંજુરીની નકલ આ સાથે સામેલ છે. (૩) સદર મિલ્કતના વેરાબીલમાં કબ્જેદાર છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૪૫૦ વાળી મિલ્કત ટેના નં.૧૧બી–૧૫–૦૨૦૧ –૦–૦૦૧ માં મ્યુ. દફતરે કબ્જેદાર તરીકે શ્રી અબ્દુલ હાજી ગુલામકાદર શેખનું નામ દાખલ છે જેની પાર્ટી સ્ટેટસની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. (૪) તેઓએ એનઓસી મેળવેલ છે કે કેમ?તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતના બાંધકામના પ્લાનો ફકત મિલ્કત માલિકના નામે જ પાસ કરવામાં આવે છે. કબ્જેદારની એનઓસી મેળવવામાં આવતી નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ છે. આથી અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અબ્દુલવદુદ જારૂલ્લાહ